


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-30 ■ અંક-02 ■ તા. 11-01-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં

નવી દિલ્હી,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર રશિયાથી ઓઈલ ખરીદવા મુદ્દે ભારતને ધમકી આપી રહ્યા છે. સાથે સાથે ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી વાટાઘાટો છતાં હજુ સુધી ટ્રેડ ડીલ થઈ નથી. એવામાં અમેરિકાએ હવે ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી છે. જેના ભારતીય વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે કે ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં. અમે ૧૪૦ કરોડ લોકોના હિત માટે સસ્તા ઈંધણના સ્ત્રોત શોધતા રહીશું. આ સિવાય ભારતે બાંગ્લાદેશ અને ચીન મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે.

અમેરિકામાં આવતા અઠવાડિયે નવું બિલ લાવવાની તૈયારી છે. જેમાં રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની જોગવાઈ છે. જે મુદ્દે ભારતે કહ્યું છે કે આ બિલ પર અમે નજર રાખી રહ્યા છે. અમારી ઉર્જા ખરીદીની નીતિ પહેલેથી જ સ્પષ્ટ છે. અમે ગ્લોબલ માર્કેટમાં ઉતાર ચઢાવ તથા અમારી જરૂરિયાત પ્રમાણે નિર્ણય લઈએ છીએ.

ભારત કોઈ પણ દેશથી ઓઈલ ખરીદવા માટે સ્વતંત્ર છે. અમે ૧૪૦ કરોડ લોકોની ઉર્જાની જરૂરિયાત સાથે કોઈ બાંધછોડ કરીશું નહીં.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વધુમાં કહ્યું, કે અમેરિકા તરફથી આપવામાં આવી રહેલી જાણકારી સ્પષ્ટ નથી. ભારત અને અમેરિકા વચ્ચે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ગંભીર વાટાઘાટો ચાલી રહી છે. અમે આજે પણ એવી ડીલ માટે તૈયાર છીએ જેનાથી બંને દેશોને લાભ થાય. અમે એક સંતુલિત ટ્રેડ ડીલ માટે સતત મહેનત કરી રહ્યા છીએ.

વિદેશ મંત્રાલયે મોટું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે, કે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ વચ્ચે ૮ વખત ટેલિફોનિક વાતચીત થઈ છે. નોંધનીય છે કે અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ હાલમાં જ કહ્યું હતું, કે અમેરિકા ભારત સાથે ટ્રેડ ડીલ કરવા માટે તૈયાર હતું.

પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને ફોન ન કર્યો. જેના કારણે ડીલ થઈ શકી નહીં. આ સિવાય વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશ અંગે પણ મોટું નિવેદન આપ્યું. વિદેશ મંત્રાલયે કહ્યું, કે બાંગ્લાદેશ સરકાર લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાના કેસમાં તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. બાંગ્લાદેશમાં લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવના વધી રહી છે. સાંપ્રદાયિક ઘટનાઓને રોકવી તે ત્યાંના તંત્રની જવાબદારી છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શકસગામ ખીણમાં ચીન દ્વારા થઈ રહેલા નિર્માણકાર્ય સામે પણ ભારતે વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે આ સંપૂર્ણ વિસ્તાર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન અને ચીન વચ્ચે ૧૯૬૩માં થયેલો કરાર ગેરકાયદે છે. ભારતે ક્યારેય આ કરારને માન્યતા નથી આપી. જમ્મુ કાશ્મીર અને લદાખ ભારતનો હિસ્સો છે.

ચીન અને પાકિસ્તાનને આ વાતથી વારંવાર જણાવવામાં આવી છે. ભારતની જમીન પર પાકિસ્તાન ગેરકાયદે કબજો કર્યો છે અને ત્યાં કોઈ પણ પ્રકારનો વિદેશ હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી. અમેરિકાએ હાલમાં જ રશિયાનું એક જહાજ સીઝ કર્યું છે. જેના પર ૩ ભારતીયો પણ સવાર હોવાના અહેવાલ અંગે વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે, કે અમે સતત નજર રાખી રહ્યા છે. અમેરિકાના મિનેપોલિસમાં ઈમિગ્રેશન અધિકારી દ્વારા મહિલા પર ફાયરિંગ કરવા મુદ્દે વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ તથા પ્રોફેશનલ્સ રહેતા હોવાથી અમે સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છીએ. આટલું જ નહીં વિદેશ મંત્રાલયે ઈરાન, ગ્રીનલેન્ડ મામલે પણ ટિપ્પણી કરતાં કહ્યું, કે અમે નજર રાખી રહ્યા છીએ.

સોમાલિયા અંગે પણ ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે સોમાલિયા સાથે ભારતના જૂના સંબંધો રહ્યા છે. સોમાલિયાના સાર્વભૌમત્વની રક્ષા થવી જોઈએ.

## ચાઈનીઝ હથિયારો સુતડી બોમ્બ નીકળ્યા : રડાર આંધળા થયા

નવી દિલ્હી,

દુનિયાના હથિયાર બજારમાં ચીન ખુદને એક મોટા સૈન્ય સપ્લાયર તરીકે રજૂ કરે છે. ચીન હંમેશા પાકિસ્તાનને પોતાના હથિયાર વેચી અન્ય દેશો સામે સુપરપાવર બનવાની કોશિશ કરે છે. પણ જમીની હકીકત ચીનના બનાવેલા આ ફુગ્ગામાં કાણાં પાડતા દેખાઈ રહ્યા છે. અસલી યુદ્ધની સ્થિતિમાં ચીની હથિયારોનું પ્રદર્શન એટલું નબળું છે કે તેને લઈને વિશ્વાસ તૂટી રહ્યો છે. આ જ કારણ છે કે આજે ચીની હથિયાર પર સવાલો થઈ રહ્યા છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના તાજા રિપોર્ટે ચીનની આખી હેકડી કાઢી નાખી છે. **SIPRI**ના રિપોર્ટ જણાવે છે કે અસલી યુદ્ધના મેદાનમાં ચીની રડાર પાંગળા સાબિત થયા, મિસાઈલો ટાર્ગેટ ભટકી રહી છે અને ડ્રોન આકાશમાંથી નીચે પડી રહ્યા છે. રસપ્રદ અને ચિંતાજનક વાત એ છે કે જે સમયે દુનિયા ચીનથી છેટી ભાગી રહી છે, તે સમયે પાકિસ્તાને ચીની હથિયારો પર પૂરેપૂરો દાવ લગાવ્યો છે.**SIPRI**ના જણાવ્યા અનુસાર, વૈશ્વિક સ્તર પર ચીની હથિયારોની નિકાસમાં ૫.૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો ખાલી આંકડો નથી, પણ વિશ્વાસમાં આવેલા તિરાડોના સંકેત પણ છે. કેટલાય દેશોએ કાં તો ચીની હથિયારોના ઓર્ડર ઘટાડી દીધા છે અથવા વૈકલ્પિક સપ્લાયર્સની શોધ શરૂ કરી દીધી છે. હાલના વર્ષોમાં વેનેઝુએલા, ઈરાન અને પાકિસ્તાન જેવા કિસ્સાએ રક્ષા નિષ્ણાતોની એ આશંકાને સાચી સાબિત કરી દીધી છે કે ચીની હથિયાર અસલી જંગમાં એટલા અસરકારક નથી, જેટલા પ્રચાર કર્યા છે.

વેનેઝુએલામાં એન્ટી સ્ટીલ્થ બતાવેલા ચીની રડાર શરૂઆતી હુમલામાં નકામા સાબિત થયા. ઈરાનના હુમલામાં મોટી સંખ્યામાં મિસાઈલ અને ડ્રોન ટાર્ગેટ સુધી પહોંચી શક્યા નહીં. પાકિસ્તાન પાસે હાલમાં ચીની સિસ્ટમ ભારતની એડવાન્સ મિસાઈલ અને એર ડિફેન્સ સામે ટકી શક્યા નહીં.

આજે પાકિસ્તાનના કુલ હથિયારની આયાતના ૮૦થી ૮૧ ટકા ભાગ ચીનમાંથી આવે છે. અમેરિકાથી દૂર અને પશ્ચિમી દેશોના વિકલ્પ બંધ થયા બાદ પાકિસ્તાને ખુદને લગભગ સંપૂર્ણરીતે ચીની સૈન્ય ટેકનિકના હવાલે કરી દીધું છે. રક્ષા નિષ્ણાતો તેને રણનીતિક આત્મહત્યા માની રહ્યા છે. કેમ કે એક જ સપ્લાયર પર આટલી નિર્ભરતા જોખમ વધારે છે.

ભારતના ઓપરેશન સિંદૂર દરમિયાન ચીની હથિયારોની વાસ્તવિક ક્ષમતા ખુલીને સામે આવી ગઈ. પાકિસ્તાન દ્વારા ઉપયોગમાં લેવાયેલી કેટલીય સિસ્ટમ આશા અનુસાર પ્રદર્શન કરી શકી નહીં.

એક નજર ઓપરેશન સિંદૂરની તસવીર પર નાખીએ

**PL-15** એર ટૂ એર મિસાઈલો ટાર્ગેટ સાધવામાં નિષ્ફળ રહી.

**J-10C** ફાઈટર જેટ હવામાં લીડ મેળવી શક્યા નહીં.

**HQ-9** અને **HQ-16** એર ડિફેન્સ સિસ્ટમ બ્રહ્મોસ અને સ્કેલ્પ મિસાઈલો રોકવામાં ફેલ ગઈ.

**Wing Loong II** ડ્રોન મોટી સંખ્યામાં પડ્યા, કાટમાળ પણ જાહેરમાં દેખાયો.

## બાંગ્લાદેશ દ્વારા ભારત સાથે ૧,૮૦,૦૦૦ ટન ડીઝલ માટે ડીલ કરવામાં આવી

નવી દિલ્હી,

સીમા વિવાદ અને લઘુમતીઓ પરના હુમલા જેવા ગંભીર મુદ્દાઓને કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજકીય સંબંધોમાં ખટાશ જોવા મળી રહી છે, પરંતુ જ્યારે વાત દેશની 'લાઈફલાઈન' એટલે કે ઊર્જાની આવે છે, ત્યારે બાંગ્લાદેશ આજે પણ ભારતને જ એક વિશ્વસનીય ભાગીદાર માને છે.બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન(**BPC**)એ વર્ષ **2026** માટે ભારતની સરકારી તેલ કંપની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ(**NRL**) પાસેથી **1,80,000** મેટ્રિક ટન ડીઝલ આયાત કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. આ આખા સોદાનો અંદાજિત ખર્ચ **14.62** અબજ ટકા(અંદાજે **119.13** મિલિયન ડોલર) નક્કી કરવામાં આવ્યો છે. કિંમતના માળખાની વાત કરીએ તો, આ સોદો **83.22** ડોલર પ્રતિ બેરલની બેઝ પ્રાઈસ પર **5.50** ડોલરના પ્રીમિયમ સાથે નક્કી થયો છે, જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થતા ઉતાર-ચઢાવ મુજબ અંતિમ કિંમતમાં ફેરફાર થઈ શકે છે.

આ ઉર્જા સહયોગને સફળ બનાવવા માટે 'ભારત-બાંગ્લાદેશ મૈત્રી પાઈપલાઈન' એક મજબૂત સેતુ તરીકે કાર્ય કરી રહી છે. આસામ સ્થિત **NRL**ની રિફાઈનરીમાંથી ડીઝલને પ્રથમ સિલીગુડી લાવવામાં આવશે અને ત્યાંથી આ પાઈપલાઈન દ્વારા સીધું બાંગ્લાદેશ પહોંચાડવામાં આવશે. વર્ષ **2022-23**માં શરૂ થયેલી આ પાઈપલાઈન ટેકનોલોજીને કારણે પરિવહન વ્યવસ્થામાં મોટો બદલાવ આવ્યો છે; અગાઉ રેલવે વેગન દ્વારા થતી આયાતની તુલનામાં હવે સમય અને પરિવહન ખર્ચ બંનેમાં નોંધપાત્ર બચત થઈ રહી છે, જે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને વધુ સુદ્રઢ બનાવે છે.**6** જાન્યુઆરીએ ઢાકામાં મળેલી સરકારી ખરીદ સલાહકાર સમિતિની બેઠકમાં આ મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. ઉર્જા સલાહકાર મુહમ્મદ ફૌઝુલ કબીર ખાને સ્પષ્ટ કર્યું હતું કે, આ આયાત અગાઉની સરકાર દ્વારા કરાયેલા **15** વર્ષના લાંબા ગાળાના કરાર હેઠળ થઈ રહી છે.નિષ્ણાતો માને છે કે સીમા વિવાદ અને અન્ય રાજકીય મતભેદો હોવા છતાં, બાંગ્લાદેશ માટે ભારત પાસેથી ઊર્જા મેળવવી તે આર્થિક દૃષ્ટિએ અનિવાર્ય છે. આ સોદો સાબિત કરે છે કે વ્યૂહાત્મક જરૂરિયાતો ઘણીવાર રાજકીય તણાવ કરતા પણ વધુ મહત્ત્વની હોય છે.

## લેન્ડ ફોર જોબ્સ કૌભાંડમાં લાલુ યાદવ સામે આરોપો નક્કી થયા

નવી દિલ્હી,

દિલ્હીની એક કોર્ટે લેન્ડ ફોર જોબ્સ કૌભાંડ કેસમાં આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી, તેજસ્વી યાદવ અને અન્ય લોકો સામે આરોપો નક્કી થયા છે. કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું. આરોપીઓમાં વ્યાપક ગુનાહિત કાવતરું ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે.

સીબીઆઈ કેસ પ્રથમદર્શી રીતે જમીનના બદલામાં નોકરીઓ આપવાનું કાવતરું સ્થાપિત કરે છે. કોર્ટે ટ્રાયલ શરૂ થવાનો માર્ગ મોકળો કર્યો છે.

લાલુ યાદવની પત્ની રાબડી દેવી, મીસા ભારતી અને પુત્ર તેજસ્વી યાદવ આ કેસમાં આરોપી છે. ન્યાયાધીશ વિશાલ ગોગને આદેશ આપતાં જણાવ્યું હતું કે, ''વાજબી શંકાના આધારે, કોર્ટને લાગે છે કે લાલુ યાદવે જાહેર રોજગારનો ઉપયોગ કરીને તેમના પરિવાર માટે સ્થાવર મિલકતો મેળવવા માટે સોદાબાજી કરવા માટે એક વ્યાપક કાવતરું ઘડ્યું હતું.'' કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો ચાર્જશીટ પર વિશ્વાસ કરવામાં આવે તો, લાલુને આ કેસમાં તેમના નજીકના સહયોગીઓનો પણ ટેકો મળ્યો હતો.

સીબીઆઈ દ્વારા આ કેસમાં દાખલ કરાયેલ ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી રેલ્વે મંત્રી હતા,

ત્યારે લાલુ યાદવે નોકરીઓના બદલામાં ઉમેદવારોને જમીન ભેટમાં આપી હતી. ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ રેલ્વે મંત્રી હતા, ત્યારે તેમણે નિયમોનો ભંગ કર્યો હતો અને રેલ્વેમાં ગ્રુપ ડી ભરતીઓ કરી હતી, અને બદલામાં, ઉમેદવારોની જમીન લાલુ પ્રસાદ યાદવના પરિવાર અથવા તેમના નજીકના લોકોના નામે ટ્રાન્સફર કરવામાં આવી હતી. ૨૦૨૦પછી, સીબીઆઈ અને **ED**એ નોકરી માટે જમીન કૌભાંડના સંદર્ભમાં બિહાર અને દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. ત્યારબાદ,

સીબીઆઈએ ૧૮ મે, ૨૦૨૨ ના રોજ કેસ નોંધ્યો. ૭ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ, સીબીઆઈએ નોકરી માટે જમીન કૌભાંડમાં તેની પહેલી ચાર્જશીટ દાખલ કરી.

જૂન ૨૦૨૪ માં, સીબીઆઈએ આ કેસમાં તેની અંતિમ ચાર્જશીટ દાખલ કરી.

સીબીઆઈએ આ કેસમાં ૧૦૭ લોકોને આરોપી તરીકે નામ આપ્યા હતા, જેમાં ૩૮ લોકોનો સમાવેશ થાય છે જેમણે જમીન આપીને નોકરી મેળવી હતી. પાંચ આરોપીઓનું મૃત્યુ થયું છે.

સ્કોર્ટે હવે આ કેસમાં ૪૧ આરોપીઓ સામે

## જર્મનીના અર્થતંત્રમાં પણ ભારતીય પ્રોફેશનલ્સનો દબદબો યથાવત

નવી દિલ્હી,

જર્મનીના ઈકોનોમિક ઈન્સ્ટિટ્યુટના તાજેતરના અભ્યાસ મુજબ જર્મનીમાં કામ કરતા ભારતીય પ્રોફેશનલ્સને સૌથી વધુ સરેરાશ પગાર મળે છે. **2024** સુધીના ડેટા કહે છે કે, સરેરાશ પગારના મામલે ભારતીયો પછી અમેરિકનો અને આયરિશ છે, જ્યારે જર્મન નાગરિકો આશ્ચર્યજનક રીતે ચોથા ક્રમે છે.ફેડરલ એમ્પ્લોયમેન્ટ એજન્સીના ડેટા પર આધારિત આ અભ્યાસ કહે છે કે, ફૂલ-ટાઈમ નોકરી કરતાં ભારતીય કામદારોની સરેરાશ માસિક કમાણી **5,393** યુરો (લગભગ રૂ. **4,85,000**) છે, જે જર્મન કામદારો **4,177** યુરો (રૂ. **3,75,000**) કરતાં ઘણી વધુ છે. ભારતીયો પછી ઑસ્ટ્રિયનો **5,322** યુરો (રૂ. **4,78,000**), અમેરિકનો **5,307** યુરો (રૂ. **4,77,000**) અને આઈરિશ **5,233** યુરો (રૂ. **4,70,000**) સૌથી વધુ કમાય છે. જર્મનીમાં વસતા તમામ વિદેશી નાગરિકોની સરેરાશ માસિક કમાણી **3,204** યુરો (રૂ. **2,88,000**) થવા જાય છે.

આ ઉચ્ચ કમાણીનું મુખ્ય કારણ એ છે કે જર્મનીમાં રહેતા ઘણાં ભારતીયો ઊંચો પગાર આપતા વિજ્ઞાન, ટૅક્નોલૉજી, એન્જિનિયરિંગ અને ગણિત (**STEM**) જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. વર્ષ **2012**થી અત્યાર સુધીમાં **STEM** ક્ષેત્રમાં કામ કરતાં ભારતીયોની સંખ્યા **9** ગણી વધીને **32,800**થી વધારે થઈ ગઈ છે.

**25**થી **44** વર્ષ વયના ભારતીય કામદારોમાંથી **33% STEM** ક્ષેત્રમાં છે, જે અન્ય કોઈપણ સમૂહ કરતાં ઘણું વધારે છે.આ ડેટાથી સ્પષ્ટ થાય છે કે જર્મનીની અર્થવ્યવસ્થા આંતરરાષ્ટ્રીય પ્રતિભા પર ખૂબ આધારિત છે. આ ડેટા ભારતીયોની શૈક્ષણિક ક્ષમતા અને કાર્યકુશળતાની પણ સાબિતી આપે છે. આ એવા ક્ષેત્રો છે જ્યાં ભારતને પણ વિશેષ પ્રતિભાની જરૂર છે, પરંતુ વિદેશમાં વધુ સારી તકો મળતી હોવાથી ઘણાં ભારતીય તજજ્ઞો દેશ છોડી જતા હોય છે.

## જે ડરે તેમને કરડે છે શ્વાનઃ સુપ્રીમ કોર્ટ, વકીલે કહ્યું- દેશમાં હજુ શેલ્ટર બનાવવાની જરૂર

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટમાં રખડતા શ્વાન સાથે જોડાયેલા કેસમાં ગુરુવારે સતત બીજા દિવસે અઢી કલાક સુધી લાંબી ચર્ચા ચાલી હતી. આ સુનાવણી દરમિયાન જસ્ટિસ અને વકીલો વચ્ચે શ્વાનના સ્વભાવ અને તેનાથી થતી સમસ્યાઓ અંગે રસપ્રદ દલીલો જોવા મળી હતી.

સુનાવણી દરમિયાન જસ્ટિસ નાથે અવલોકન કર્યું કે, શ્વાન માણસનો ડર પારખી જાય છે અને એટલે જ કરડે છે. જ્યારે શ્વાનના પક્ષમાં દલીલ કરી રહેલા વકીલે આ વાતનો ઈનકાર કર્યો, ત્યારે જસ્ટિસે વળતો જવાબ આપ્યો કે, તમારું માથું ન ધુણાવો, આ વાત હું મારા અંગત અનુભવ પરથી કહી રહ્યો છું.

વકીલે કોર્ટનું ધ્યાન દોર્યું કે રાજ્યો દ્વારા આપવામાં આવેલા આંકડાઓમાં ક્યાંય સ્પષ્ટતા નથી કે નગરપાલિકાઓ કેટલા શેલ્ટર હોમ ચલાવે છે. તેમણે જણાવ્યું કે દેશમાં માત્ર ૫ સરકારી શેલ્ટર છે, જેની ક્ષમતા માત્ર ૧૦૦ શ્વાનની છે. શ્વાનની સમસ્યા ઉકેલવા માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે.

એનિમલ વેલ્ફેર તરફથી દલીલ કરતા વકીલ સી.યુ. સિંહે શ્વાનને શેલ્ટર હોમમાં મોકલવાનો વિરોધ કરતા કહ્યું કે, જો શ્વાનને હટાવવામાં આવશે તો ઉંદરોની વસ્તી વધી જશે. આ સાંભળીને કોર્ટે રમૂજી અંદાજમાં પૂછ્યું, તો શું આપણે ઉંદરો રોકવા બિલાડીઓ લઈ આવીએ? જસ્ટિસ મહેતાએ ઉમેર્યું કે શ્વાન અને બિલાડીઓ દુશ્મન હોય છે, તો શું આપણે બિલાડીઓને પ્રોત્સાહન આપવું જોઈએ?

અરજદારના વકીલે કહ્યું કે પાળતુ શ્વાનનો માલિક હોય છે, પણ રખડતા શ્વાનની કોઈ જવાબદારી લેતું નથી. **ABC(Animal Birth Control)** નિયમો એવા હોવા જોઈએ કે સામાન્ય નાગરિક રસ્તા પર સુરક્ષિત ચાલી શકે.

કોર્ટને વિનંતી કરવામાં આવી કે માત્ર હોસ્પિટલ કે સ્કૂલ જ નહીં, પણ રહેણાંક વિસ્તારોમાંથી પણ શ્વાનને હટાવવા જોઈએ. શ્વાનનું કાઉન્સેલિંગ શક્ય નથી, પણ તેના માલિક કે ખવડાવનારને સમજાવી શકાય છે.

દિલ્હીમાં છેલ્લે ૨૦૦૯માં ગણતરી થઈ ત્યારે ૫.૬૦ લાખ શ્વાન હતા. જ્યાં સુધી ચોક્કસ આંકડો અને શેલ્ટર હોમની ક્ષમતા ખબર ન હોય, ત્યાં સુધી તેમને ક્યાં રાખવા તે મોટો પ્રશ્ન છે.

ડોગ લવર્સ અને **NGO** માટે પિટિશન ફાઈલ કરવા માટે નક્કી કરેલી રકમ જમા કરાવવાની શરત હટાવવાની માંગ પર કોર્ટે મજાકમાં કહ્યું, જો આ શરત ન હોત, તો અમારે અહીં પંડાલ લગાવવો પડત.

## બંગાળની ખાડી બાદ હવે હિન્દ મહાસાગરમાં તોફાનના ભણકારા

નવી દિલ્હી,

હવામાન વિભાગે જણાવ્યું કે, મધ્ય હિન્દ મહાસાગર અને બંગાળની ખાડીની ઉપર બનેલા એક એટમોસ્ફેરિક સર્કુલેશનના કારણે ૫ જાન્યુઆરીની સાંજે ૫.૩૦ વાગ્યે દક્ષિણ-પૂર્વી બંગાળની ખાડી અને ભૂમધ્ય રેખીય હિન્દ મહાસાગરની ઉપર લો પ્રેશરનું ક્ષેત્ર બની ગયું છે. ૬ જાન્યુઆરીની સવાર ૫.૩૦ વાગ્યા સુધી આ સિસ્ટમ ગાઢ ડિપ્રેશનમાં બદલાઈ ગયું અને તે વિસ્તારમાં બનેલું છે. આશા છે કે આ સિસ્ટમ ૭ જાન્યુઆરીના રોજ પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે અને દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી ઉપર વધારે મજબૂત થઈને લો પ્રેશરનું ક્ષેત્ર બની જશે.

હવામાન વિજ્ઞાનીઓની વાત માનીએ તો, ૮ જાન્યુઆરીના રોજ પણ તે આ દિશામાં આગળ વધવાની સંભાવના છે. કોમેરિન સાગર અને આજુબાજુના વિસ્તાર સાથે સાથે લક્ષદ્વીપ અને તેનાથી અડીને મધ્ય અને પૂર્વી અરબ સાગર પર પણ વાયુમંડળીય અસ્થિરતા બનેલી છે. જેનાથી વરસાદ થવાની આશા છે. ૭ જાન્યુઆરીના રોજ તટીય તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં એક અથવા બે જગ્યા પર હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે તમિલનાડુમાં મોટા ભાગે હવામાન સૂકાયેલું રહી શકે છે. અંદરના જિલ્લામાં અમુક જગ્યા પર સવારે હળવી ધુમ્મસ છવાઈ શકે છે. ૮ જાન્યુઆરીના રોજ વરસાદની ગતિ ઝડપી થવાની આશા છે. તમિલનાડુ તટ, પુડુચેરી અને કરાઈકલના કેટલાય સ્થાન પર ગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે અને અંદરના તમિલનાડુમાં અમુક જગ્યા પર પણ વરસાદ થઈ શકે છે.

11-01-2026_02 Jan Fariyad_P-1

11-01-2026_02 Jan Fariyad_P-2

## ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓમાં હજુ પણ દર્દીઓનો ભારે ધસારો

# ગાંધીનગરમાં ટાઈફોઈડના ૧૪ નવા દર્દી સાથે કેસનો આંકડો ૧૬૭ પહોંચ્યો

અમદાવાદ,
દૂષિત પાણીના કારણે ગાંધીનગર શહેરના ૬થી વધુ વિસ્તારોમાં વકરી રહેલા ટાઈફોઈડના રોગચાળામાં ગુરૂવારે વધુ ૧૪ નવા કેસ નોંધાયા છે. તેની સાથે કેસનો આંકડો ૧૬૭ પહોંચ્યો છે. દર્દીઓના આ આંકડા મ્યુનિ. આરોગ્ય વિભાગ દ્વારા દર્શાવવામાં આવ્યા છે, પરંતુ ખાનગી હોસ્પિટલો અને નાના મોટા દવાખાનાઓમાં હજુ પણ દર્દીઓનો ધસારો હોવાની વાસ્તવિક સ્થિતિ પ્રવર્તે છે. જ્યારે હજુ પણ રોગચાળાગ્રસ્ત વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં પણ દૂષિત પાણીની ફરિયાદો યથાવત છે. તે ઉપરાંત પાણી અને ગટરની લાઈનના લિકેઝ શોધવામાં તંત્રની ઢીલી નિતી સામે શહેરીજનો આક્રોશ ઠાલવી રહ્યાં છે. ગાંધીનગર મ્યુનિ. વિસ્તારમાં સેક્ટર-૨૪, -૨૬, -૨૮, આદિવાડા અને જીઆઈડીસી વિસ્તારમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસ ઉપર હજુ સુધી તંત્ર સંપૂર્ણ રીતે કાબુ મેળવી શક્યુ નથી. જો કે વિવિધ ૮૫ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. મ્યુનિ. તંત્ર દ્વારા જણાવાયુ છે, કે ગુરૂવારે ટાઈફોઈડના વધુ ૧૪ નવા કેસ નોંધાયા છે તેમજ ૧૮ દર્દીને રજા આપવામાં આવી છે અને હાલના તબક્કે ૮૦ દર્દી સારવાર હેઠળ છે. સર્વેલન્સની ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૬૧૩૮૯થી વધુ ઘરોમાં તથા ૨૬૬૬૨૦ની વસ્તીમાં કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત પાણીનુ સુપર ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.દહેગામ શહેરમાં ચાર લિકેજ મળી આવતાં આરોગ્ય તંત્રની ચિંતા વધી છે. દહેગામ આરોગ્ય કચેરી અને દહેગામ સામુહિક કેન્દ્રની વચ્ચે ત્રણ રસ્તા પર જ એક મોટુ ભંગાણ સર્જાયું છે. જેના કારણે અસહ્ય દુર્ગંધ અને ગંદકીનો માહોલ છે. દહેગામ નગરપાલિકાના પ્રમુખની હાઉસિંગ વસાહતમાં અન્ય બે લિકેજ છે.

આ લિકેજ પૂરવાની કવાયતત હાથ ધરવાની સાથે દહેગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય શાખાની ટીમે ૮૧૭૧ ઘરમાં ૩૨,૬૯૬ લોકોને સર્વેમાં આવરી લીધા છે, જેમાં ટાઈફોઈડના કેસ મળ્યા નથી. અગમચેતીના ભાગરૂપે પાણીના સેમ્પલ લેવાની સાથે ક્લોરિનની ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પાણીનાં સેમ્પલ લેવામાં આવે છે, તેમ છતાં હજુ પણ દૂષિત પાણીની ફરિયાદો ઉઠી છે. આદિવાડાના ગ્રામજનો લોકો ગંદુ પાણી પી રહ્યા હોવાનું ગાંધીનગર આમ આદમી પાર્ટીએ જણાવ્યુ છે. 'આપ'ના નેતા ડો. હાર્દિક તલાટીએ જણાવ્યું કે મ્યુનિ. કમિશનર એવું કહે છે કે અમે પાણીના ૧૦૧૮સેમ્પલ લીધા છે, આ તે પાણી પીવા લાયક છે. આજે મેં આ પાણી ચેક કર્યું, ત્યારે હું કમિશનરને અપીલ કરું છું કે તમે આ પાણી પીને બતાવો. જો તમે બીમાર નહીં પડો તો હું આ તમામ જનતાને આ પાણી પીવા માટે કહીશ.

## ૨૦૨૬ વિશ્વનું ભવિષ્ય ભાગ-૨

**Yoggi Astrology**માં આપ સૌનું સ્વાગત છે. મારા લેખ મુજબ લખ્યું હતું કે, બ્રેકીંગ ન્યુઝ જોવા મળશે તથા કોઈ દેશના રાજા માટે સમય સારો નથી. તેમાં પુતીનના ઘર ઉપર ડ્રોન હુમલો તથા વેનેઝુએલાના રાષ્ટ્રપતિને બંધક બનાવીને અમેરિકા લઈ ગયા. ૨ જાન્યુઆરી ત્રણ ગ્રહો વક્રી તથા મંગળ અસ્ત થતાં જ અમેરિકાએ મોટી ભૂલ કરી છે. મારા લેખ મુજબ ટ્રંપ (અમેરિકા) કોઈ મોટી ભૂલ કરશે તે સત્ય થઈ. આ ભૂલથી અમેરિકાની છાપ દુનિયામાં ઘણી ખરાબ થવાની છે. તેનાથી ઘણા દેશો સીધા સંબંધ કાપશે તેનાથી અમેરિકા અર્થવ્યવસ્થા હલશે. જેમ રાવણે સીતાનું હરણ તેમ ટ્રંપે વેનેઝુએલાના રાષ્ટ્રપતિનું અપહરણ સાથે તેની પત્નીનું પણ શું આ યોગ્ય છે?

ટ્રંપ પહેલેથી ત્રણ મહાસત્તા દેશને પોતાના પડોશી દેશ સાથે બીઝી કરી રહ્યા છે. જેમ કે ચીન-તાઈવાન, રશિયા-યુક્રેન, ભારત-પાકિસ્તાન/બાંગ્લાદેશ આ સમયનો લાભ લઈને વેનેઝુયેલા ઉપર હુમલો કર્યો.

૨૯ ડિસેમ્બર ૨૦૨૫ એ સૂર્ય, બુધ, શુક્ર, મંગળ, ચતુર્થ ગ્રહી યોગ બન્યો હતો, જે ૧૨ જાન્યુ-૨૦૨૬ સુધી ધનુ રાશીમાં બન્યો છે. ત્યારબાદ ફરીથી ૧૭ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી સુધી ચાર ગ્રહો સાથે રહેશે. જેની અસર વિશ્વ તથા વ્યક્તિગત ઉપર જરૂર પડશે. જે તેની શરૂઆત અમેરિકાએ કરી છે. આ ઉપરાંત ઘણી કુદરતી આપત્તિ થતી જોવા મળશે. જેમાં સુનામી, ફ્લર્ડ્સ, સાયક્લોન, ધરતીકંપ, લેન્ડસ્લાઈડ, ભારે સ્નો, મોટે ભાગે વિશ્વમાં પાણીથી તબાહી થતી જોવા મળશે. હાલ ચતુર્થ ગ્રહી યોગ ઉપર મિથુનના ગુરુની સાતમી દ્રષ્ટિ પણ પડે છે. સૂર્ય-મંગળની યુતિ ઉપર શનીની દ્રષ્ટિ હોવાથી વિશ્વમાં ઘણી જગ્યા ઉપર આગ લાગવાની ઘણી ઘટના બની છે. હજુ પણ આગની ઘટના તથા યુદ્ધના નવા મોરચા ઉત્પન્ન થતાં જોવા મળશે. ગનની ઘટના થતી જોવા મળશે. આતંકવાદી ઘટના પણ બનતી જોવા મળશે. સૂર્ય-મંગળ-બુધ-શુક્ર ઉપર શનીની દ્રષ્ટિ હોવાથી વિમાન ઘટના થતી જોવા મળશે. તેમાં કોઈ નેતા, અભિનેતા અથવા બીઝનેસમેનનું મૃત્યુ થશે. (નેતા - સૂર્ય, અભિનેતા - શુક્ર, બીઝનેસમેન - બુધ)

આ યુતીથી કોઈ અચાનક મોટું યુદ્ધ થાય તેમાં ઘણા લોકોનું મૃત્યુ થાય. આનો અર્થ થાય કે પાણી કે યુદ્ધથી પાણીની રેલ આવે અથવા લોહીની નદી વહે. આવનાર સમયમાં યુરોપ, સ્પેન, ગ્રીસ, હંગેરી, સાઉદી અરેબિયા, આફ્રિકા, મેક્સીકો, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈરાન, અફઘાનિસ્તાન, કેનેડા, અમેરિકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન આ ઉપરાંત ભારતમાં નોર્થ એરિયામાં કુદરતી ઘટના, ધરતીકંપ, આતંકવાદી ઘટના, યુદ્ધ જેવી અવિશ્વસનીય ઘટના થતી જોવા મળશે.

**4th Dec** ૨૦૨૫થી ગુરુ ફરીથી મિથુન રાશીમાં આવ્યા પછી ફરીથી રાહુ ઉપર નવમી દ્રષ્ટિ થતાં વિશ્વમાં ફરીથી બિમારી શરૂ થઈ. તેમાં ૪૨ ઙ્ગીષ ૨૦૨૫ પછી તમે જોશો કે શરદી, કફ, તાવ તથા હાલ ઈંદોરમાં પાણીથી ભયંકર બીમારી શરૂ થઈ, તેમાં ઘણા લોકોનું મૃત્યુ થયું છે. જ્યારે ગુરુની રાહુ દ્રષ્ટિ થાય ત્યારે રોગો ઉત્પન્ન થાય છે. ૨૦૨૬માં હજુ ઘણી નવી બિમારી જરૂર જોવા મળશે. ફરીથી માસ્કનો અમલ થશે.

આ ચાર ગ્રહોની યુતીથી ઓટો ઈન્ડસ્ટ્રીઝ, ટ્રાન્સપોર્ટ, એવીએશન, સ્પેસ એક્સપ્લોરેશન, કાર્ગો, જંગલમાં આ દરેક જગ્યા ઉપર કંઈ નેગેટિવ સમાચાર મળશે. ૨૦૨૬માં વિશ્વમાં ભયંકર મંદી થતી જોવા મળશે. સ્ટૉક માર્કેટ ઉપર ધ્યાન આપવું. જ્યારે ગોલ્ડ, સિલ્વર, કોપર જેવી જગ્યા ઉપર રોકાણ કરવું સારું રહેશે. આ ઉપરાંત એન્જિનિયર, **AI, Laws,** જસ્ટિસ, કોર્ટ વગેરે જગ્યા ઉપર ઘણું પરિવર્તન થતું જોવા મળશે.

શનીદેવ માર્ગી ૨૭ જુલાઈ ૨૦૨૬ સુધી બની રહેશે. આ સમય દરમ્યાન વિશ્વમાં અન્ય દેશો સાથે થયેલા જુના કરાર તૂટશે. ફરીથી નવા કરાર થશે. આથી વિશ્વના દેશોમાં ભાગ પડતા જોવા મળશે. વિશ્વમાં પડોશી દેશો સાથે બોર્ડર પ્રોબ્લેમ ચાલી રહી છે, તે ઉગ્ર થતી જોવા મળશે. આથી બધા દેશોના લોકોમાં **My County Fi®s** ભાવના જોવા મળશે. આથી બોર્ડર ઉપર તણાવ થતું જોવા મળશે. આ સમય દરમ્યાન હેલ્થ સેક્ટરમાં નવી ટેક્નોલૉજી જોવા મળશે. મીન રાશીમાં લોકોમાં માનવતા વધતી જોવા મળશે. ઘણી બેંક નબળી થતી જોવા મળશે. આ સમય દરમ્યાન **De-Dollarization** થતું જોવા મળશે. તમે જોયું હશે કે અમેરિકાએ આ ત્રણ દેશોએ ઓઈલ બિઝનેસ ડોલરમાં ન કરતા ત્યાં સત્તા તોડી પાડી, જેમાં ઈરાક, લીબીયા, હાલ વેનેઝુએલા. પરંતુ હવે અમેરિકાની મનમાની ચાલશે નહીં. અમેરિકાની આ ભૂલથી વિશ્વમાં તેના ડોલર સાથે ધીમેધીમે બિઝનેસ બંધ પડતો જોવા મળશે. અમેરિકાની ધમકી તમારા ડોલર સીઝ કરી લઈશું. મીન શની અમેરિકાનું સન્માન તોડશે.

આપણે બેકમાં જઈએ તો, જ્યારથી શની મીન રાશીમાં (૨૯ માર્ચ ૨૦૨૫) આવ્યા પછી એપ્રિલ થી જુલાઈ વચ્ચેની ઘટનામાં ટ્રંપે ટૅરિફ ટેક્સ, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ, પેલેસ્ટાઈન ઘટના, પહેલગામ એટેક, ઓપરેશન સિંદૂર, બાંગ્લાદેશમાં ઘટના એ એક નાનું પિક્ચર હતું. હવે આ ઘટનાનું ફરીથી મોટું પિક્ચર શરૂ થશે. ટૅરિફ ટેક્સ બાદ હવે તેની અસર વિશ્વમાં મંદી લાવશે. આવનાર મીન શની **Northern Area** માં કુદરતી આપત્તિ ઘણી લાવશે. ફરીથી અલાસ્કામાં ૯.૦ની તીવ્રતાવાળો ધરતીકંપ થશે. વિશ્વમાં ઘણા લોકોની જોબ જશે.

અમેરિકામાં કુદરતી આપત્તિથી ઘણા લોકોની જાન જશે. યુરોપમાં આગ, ચક્રવાત, તોફાન જેવી ઘટના થતી જોવા મળશે. ઉત્તર ગોળાર્ધ **(Hemisphere)** તથા **South Semisphere** માં આગ લાગવી. લેન્ડસ્લાઈડથી નુકસાન થશે. ભારત-પાકિસ્તાન/બાંગ્લાદેશ વચ્ચેની સંભાવના બનતી જોવા મળે છે. પહેલગામ જેવી ઘટના ફરીથી મોટા પાયા ઉપર થશે. અમુક જગ્યા ભારે વરસાદ પડશે. અમુક જગ્યા ન વરસાદથી અનાજની કમી થશે. આ ઉપરથી કહેવું છે કે, જ્યારે શની મીન રાશીમાં આવ્યો ત્યારે જે ઘટના બની હતી, તેવી ઘટના ફરીથી રીપીટ થતી જોવા મળશે. આમ શની ઉપરથી તથા સૂર્ય-મંગળ-બુધ-શુક્ર ચતુર્થ ગ્રહ યુતી. ૧૪ ફેબ્રુઆરીથી સૂર્યમંગળ રાહુ સાથે યુતી. ૧૫ માર્ચ સૂર્ય મંગળ શની સાથે આ ગંભીર યોગથી વિશ્વમાં તથા વ્યક્તિગત જીવન ઉપર તેની ગંભીર અસર થશે.

સૂર્ય-મંગળ હોવાથી સ્ફોટક ઘટના થતી જોવા મળશે. કોઈ આર્મી કેમ્પ ઉપર હુમલો થાય, વિમાનમાં આગ, જંગલ આગ, ગનની ઘટના, લાવા ફરીથી એક્ટિવ. અકસ્માત નેતા ૨૦૨૬, ૨૦૨૫ કરતા વધારે એગ્રેસીવ બનશે. વિશ્વ કલ્યાણ થાય તથા વિશ્વમાં શાંતી રહે. એવી પ્રાર્થના.

**Yoggi Astrology** ની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા **www.yogiastrology.ca** ઉપર જશો.


**Yoggi Astrology**
**Yogesh Gandhi**
**(M.Sc., B.Ed)**
**Brampton, ONT, CANDA.**
**+1-647-286-3734**
**www.yogiastrology.ca.**







## જાણો કેટલી બેઠકો રહેશે અનામત

# વાવ-થરાદ જિલ્લા પંચાયતની બેઠકને લઈ નોટિફિકેશન જાહેર

ગાંધીનગર,
બનાસકાંઠા જિલ્લાના વિભાજન અને નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાને લઈને સરકાર દ્વારા બેઠકોનું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક નિર્ણયથી ઉત્તર ગુજરાતના વહીવટી માળખામાં મોટા ફેરફારો થયા છે.

નોંધનિય છે કે, ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય બાદ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. આ નવા જિલ્લાની રચના સાથે જ જિલ્લા પંચાયતની બેઠકો અંગેનું નોટિફિકેશન પણ હવે સામે આવ્યું છે.

જિલ્લા પંચાયતની બેઠકોનું ગણિત - નવનિર્મિત વાવ-થરાદ જિલ્લા પંચાયતમાં કુલ ૩૦ બેઠકો રહેશે. આ બેઠકોનું અનામત માળખું નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું છે:

- સામાન્ય બેઠકો: કુલ ૧૭ બેઠકો સામાન્ય વર્ગ માટે રહેશે.
- **OBC** અનામત: પછાત વર્ગો માટે કુલ ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે.
- **SC/ST** અનામત: અનુસૂચિત જાતિ **(SC)** માટે ૪ બેઠકો અને અનુસૂચિત જનજાતિ **(ST)** માટે ૧ બેઠક અનામત રહેશે.

નવા જિલ્લાનું માળખું અને તાલુકાઓ

વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક (વડુંમથક) થરાદ રહેશે. આ જિલ્લામાં કુલ ૮ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વાવ,

થરાદ, સુઈગામ, દિયોદર, લાખાણી, ભાભર, રાહ (નવો તાલુકો), ઢીમા (નવો તાલુકો)નો સમાવેશ થાય છે.

વિભાજન પહેલા બનાસકાંઠામાં ૧૪ તાલુકા હતા, પરંતુ હવે તેમાં ૧૦ તાલુકાઓ રહેશે અને તેનું વડુંમથક પાલનપુર જ રહેશે. બનાસકાંઠામાં હવે પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, ડીસા, કાંકરેજ, ધાનેરા, દાંતીવાડા, ઓગડ અને હડાદ તાલુકાઓનો સમાવેશ થશે.

સરકારના જણાવ્યા મુજબ, નવા જિલ્લાની રચનાથી સરહદી વિસ્તારોના વિકાસને વેગ મળશે. અત્યાર સુધી વાવ, થરાદ અને સુઈગામ જેવા અંતરિયાળ વિસ્તારોના લોકોએ જિલ્લા સ્તરના કામો માટે પાલનપુર સુધી લાંબુ થવું પડતું હતું, જે હવે સ્થાનિક સ્તરે જ ઉકેલાશે. વહીવટી તંત્ર નજીક આવવાથી નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવાઓ પ્રાપ્ત થશે.

આ અગાઉ, ૨૦૨૫ની શરૂઆતમાં, ભૂપેન્દ્ર પટેલ સરકારે રાજ્યમાં ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો હતો. આમાં મહેસાણા, ગાંધીધામ, વાપી, નવસારી, આણંદ, સુરેન્દ્રનગર, નડિયાદ, મોરબી અને પોરબંદરનો સમાવેશ થાય છે. આ નિર્ણય પહેલાં, ગુજરાતમાં ૮ મહાનગરપાલિકાઓ હતી - અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર. આ નવા ઉમેરા સાથે, રાજ્યમાં મહાનગરપાલિકાઓની કુલ સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે.

## ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધતા માનવાધિકાર પંચે આપી નોટિસ

ગાંધીનગર,
ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસનો આંકડો ૧૬૭ ને પાર પહોંચી ગયો છે. આરોગ્ય વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, ટાઈફોઈડના ગાંધીનગરમાં નવા ૧૪ કેસ નોંધાયા છે. પરંતુ આ વચ્ચે ગુજરાત સરકારને મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે, ટાઈફોઈડના વધતા કેસને લઈને ગુજરાત સરકારને માનવાધિકાર પંચે નોટિસ ફટકારી છે. સાથે જ આ અંગે મુખ્ય સચિવ પાસે રિપોર્ટ પણ માંગ્યો છે.

ગાંધીનગરમાં દૂષિત પાણીને કારણે ટાઈફોઈડના કેસમાં રાફડો ફાટ્યો છે. જેને લઈને હવે માનવાધિકાર પંચ **(NHRC)** એક્શનમાં આવ્યું છે. માનવાધિકાર પંચ ગુજરાત સરકાર પાસેથી બે અઠવાડિયામાં આ વિશે ખુલાસો માંગ્યો છે. માનવાધિકાર પંચે સ્વત આ બાબતની નોધ ૪ જાન્યુઆરીના રોજ લીધી હતી. જેના બાદ ગુજરાતના મુખ્ય સચિવને નોટિસ ફટકારી છે. જેમાં બે અઠવાડિયામાં વિગતવાર માહિતી આપતો અહેવાલ માંગ્યો છે.

રિપોર્ટમાં જણાવ્યું કે, માનવાધિકાર પંચે ગાંધીનગરમાં હાલ ટાઈફોઈડને લઈને શું સ્થિતિ છે તે જાણી છે, તેમજ આવી ઘટનાઓ ફરી ન બને તે માટે શું પગલા લેવામા આવશે તેની માહિતી માંગી છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, આજે ટાઈફોઈડના કેસનો આંક ૧૬૭ પર પહોંચ્યો છે. ટાઈફોઈડના ગાંધીનગરમાં નવા ૧૪ કેસ નોંધાયા છે. ટાઈફોઈડના ૧૮ દર્દીઓને સારવાર બાદ રજા આપવામાં આવી છે.

ગાંધીનગરનાના પીંડારડાના ગામમાં કોંગોનો પ્રથમ કેસ સામે આવ્યો છે. પીંડારડાના રહેવાસીને કોંગો ફીવર પોઝિટીવ આવતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ પીંડારડા ગામમાં આરોગ્યની બે ટીમ ડિપ્લોય કરવામાં આવી છે. તો બીજી તરફ, કોંગોની એન્ટ્રીથી પશુપાલન વિભાગ પણ સતર્ક થયું છે. કારણ કે, કોંગો એ પ્રાણીથી ફેલાતી બીમારી છે.


# વાવ-થરાદ જિલ્લા પંચાયતની બેઠકને લઈ નોટિફિકેશન જાહેર

ગાંધીનગર,
બનાસકાંઠા જિલ્લાના વિભાજન અને નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાને લઈને સરકાર દ્વારા બેઠકોનું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક નિર્ણયથી ઉત્તર ગુજરાતના વહીવટી માળખામાં મોટા ફેરફારો થયા છે.

નોંધનિય છે કે, ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય બાદ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. આ નવા જિલ્લાની રચના સાથે જ જિલ્લા પંચાયતની બેઠકો અંગેનું નોટિફિકેશન પણ હવે સામે આવ્યું છે.

જિલ્લા પંચાયતની બેઠકોનું ગણિત

- નવનિર્મિત વાવ-થરાદ જિલ્લા પંચાયતમાં કુલ ૩૦ બેઠકો રહેશે. આ બેઠકોનું અનામત માળખું નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું છે:

- સામાન્ય બેઠકો: કુલ ૧૭ બેઠકો સામાન્ય વર્ગ માટે રહેશે.
- **OBC** અનામત: પછાત વર્ગો માટે કુલ ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે.
- **SC/ST** અનામત: અનુસૂચિત જાતિ **(SC)** માટે ૪ બેઠકો અને અનુસૂચિત જનજાતિ **(ST)** માટે ૧ બેઠક અનામત રહેશે.

નવા જિલ્લાનું માળખું અને તાલુકાઓ

વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક (વડુંમથક) થરાદ રહેશે. આ જિલ્લામાં કુલ ૮ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વાવ, થરાદ, સુઈગામ, દિયોદર, લાખાણી, ભાભર, રાહ (નવો તાલુકો), ઢીમા (નવો તાલુકો)નો સમાવેશ થાય છે.

વિભાજન પહેલા બનાસકાંઠામાં ૧૪ તાલુકા હતા, પરંતુ હવે તેમાં ૧૦ તાલુકાઓ રહેશે અને તેનું વડુંમથક પાલનપુર જ રહેશે. બનાસકાંઠામાં હવે પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, ડીસા, કાંકરેજ, ધાનેરા, દાંતીવાડા, ઓગડ અને હડાદ તાલુકાઓનો સમાવેશ થશે. સરકારના જણાવ્યા મુજબ, નવા જિલ્લાની રચનાથી સરહદી વિસ્તારોના વિકાસને વેગ મળશે. અત્યાર સુધી વાવ, થરાદ અને સુઈગામ જેવા અંતરિયાળ વિસ્તારોના લોકોએ જિલ્લા સ્તરના કામો માટે પાલનપુર સુધી લાંબુ થવું પડતું હતું, જે હવે સ્થાનિક સ્તરે જ ઉકેલાશે. વહીવટી તંત્ર નજીક આવવાથી નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવાઓ પ્રાપ્ત થશે. આ અગાઉ, ૨૦૨૫ની શરૂઆતમાં, ભૂપેન્દ્ર પટેલ સરકારે રાજ્યમાં ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો હતો. આમાં મહેસાણા, ગાંધીધામ, વાપી, નવસારી, આણંદ, સુરેન્દ્રનગર, નડિયાદ, મોરબી અને પોરબંદરનો સમાવેશ થાય છે. આ નિર્ણય પહેલાં, ગુજરાતમાં ૮ મહાનગરપાલિકાઓ હતી - અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર.





તમે જાણો છો કે તમારી શારીરિક, આર્થિક, બૌદ્ધિક આબાદી કે બેહાલીનું કારણ તમારું મન છે? ફક્ત માનસિક બીમારીઓ જ નહીં, પણ પ્રત્યેક શારીરિક બીમારીનું કારણ પણ તમારું મન જ છે! શું તમે એ પણ જાણો છો ખરાં કે, ગૂમડું, ખરજવું, હૃદયરોગ, કેન્સર કે કોરોના જેવા રોગ પણ તમે તમારી માનસિક શક્તિ દ્વારા જાતે જ સાજા કરી શકો છો? આધુનિક ચિકિત્સકો અને મનોવૈજ્ઞાનિકોએ પુરવાર કર્યું છે કે શરીર અને મનનો ગાઢ સંબંધ છે. એકાએક થઈ આવતી પ્રબળ લાગણીઓની અસર એટલી બધી થાય છે કે, ઘણીવાર તેથી હૃદયને ભારે ધક્કો લાગે છે અને કેટલીકવાર તો હૃદયનું ધબકવું સદા માટે બંધ થઈ જઈ મનુષ્ય મરણ પામે છે. લાગણીઓના સખત આવેગથી મનુષ્યો ગાંડા થઈ જવાના દાખલા પણ મોજૂદ છે.

શારીરિક સ્વસ્થતાનો સીધો સંબંધ મન સાથે છે. મન સ્વસ્થ રહેશે તો જ તન સ્વસ્થ રહેશે. જીવનમાં બધી રમત મનની જ હોય છે. આપણે પગથી ચાલીએ છીએ પરંતુ ચાલે છે આપણું મન. મન એ એવી ધરી છે જેના પર શરીર ટકેલું હોય છે. તેથી જ કહેવાય છે કે "જેવું મન એવું જીવન".

તમારું મન જ રોગનું કારણ છે અને એ જ મન તમને નીરોગી પણ બનાવી શકે. ગીતામાં કહ્યું છે: "મન એ જ મનુષ્યના બંધન અથવા મોક્ષનું કારણ છે." આ વાત અનેક રીતે સાચી છે.

તમારાં મનના કારણે જ તમે ગરીબ છો અને એ મન જ તમને ઐશ્વર્યવાન બનાવી શકે છે.

મનુષ્યે છેલ્લી સદીમાં બુદ્ધિનો ગજબનાક વિકાસ કર્યો છે. છતાં, બૌદ્ધિક વિકાસ આપણે માત્ર પાંચ ટકા જ સાધ્યો છે એમ વૈજ્ઞાનિકો કહે છે, જ્યારે મન વિશે તો આપણે આ અલ્પ બુદ્ધિથી ફક્ત તર્કો જ લડાવ્યા છે. મનુષ્યનું સમગ્ર અસ્તિત્વ તેનાં મનની આસપાસ રચાતું હોવા છતાં દુઃખની વાત એ છે કે એ પોતાના જ મનને બિલકુલ ઓળખતો નથી.

શરીરને સુંદર રાખવા આપણે બ્યુટી પાર્લર જઈએ છીએ, શરીરને સ્વસ્થ રાખવા ડોકટરની સલાહથી વિવિધ દવાઓ લઈએ છીએ, પરંતુ મનની સ્વસ્થતાનું શું? કારણકે શારીરિક સ્વસ્થતાનો સીધો સંબંધ મન સાથે છે." જેનું નીરોગી મન, તેનું રહે નીરોગી તન."

જનકરાજા વિદેહી કહેવાયા, કારણકે તેમના શરીર પર મનનું નિયંત્રણ હતું. આવું ક્યારે શક્ય બને? જ્યારે મનમાં ચાલતી ઉથલપાથલ અટકે ત્યારે એટલે કે યોગ કરીએ ત્યારે.

તો ચાલો, આપણે પણ આપણાં મન પર જીત મેળવીને તનને તથા મનને નીરોગી રાખીએ. હિન્દીમાં કહ્યું છે ને કે,

"મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત".

નિરાલી રશ્મિન શાહ
'સ્વસા' અમદાવાદ.


Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું